# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત

વાર્ષિક પરીક્ષા **જૈનશાળા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : **૧** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર. : ૧. (ક) નીચેના પાઠની પૂર્તિ કરો :**

(૧) નમો ...................................... સવ્વસાહૂણં

**જ. (૧) નમો અરિહંતાણં, નમો સિધ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં**

(૨) તિક્ખુત્તો ..................................સક્કારેમિ

**જ. (૨) તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ**

(૩) પાયચ્છિત્તકરણેણં ......................... ઠામિ

**જ. (૩) પાયચ્છિત્ત - કરણેણં વિસોહી કરણેણં વિસલ્લી કરણેણં પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ**

(૪) ભગવંતાણં ............................. ઠાણેણં

**જ. (૪) ભગવંતાણં નમોક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં**

(૫) અભિહયા ................................. પરિયાવિયા

**જ. (૫) અભિહયા વત્તિયા લેસિયા સંઘાઈયા સંઘટ્ટિયા પરિયાવિયા**

(૬) દગ ...................................... વિરાહિયા

**જ. (૬) દગ, મટ્ટી, મક્કડા - સંત્તાણા સંકમણે જેમે જીવા વિરાહિયા**

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

**જવાબ સાથે**

| | | | |
|---|---|---|---|
| (૧) | નમો આયરિયાણં | - **જવાબ :** | આચાર્ય ભગવંતોને નમસ્કાર હો |
| (૨) | તિક્ખુત્તો | - **જવાબ :** | ત્રણ વાર |
| (૩) | સક્કારેમિ | - **જવાબ :** | સત્કાર કરું છું |
| (૪) | પડિક્કમિઉ | - **જવાબ :** | પાપથી નિવૃત્ત થવાને |
| (૫) | ગમણાગમણે | - **જવાબ :** | રસ્તામાં જતાં-આવતાં |
| (૬) | બેઈંદિયા | - **જવાબ :** | બે ઈન્દ્રિયવાળા જીવ |
| (૭) | અભિહયા | - **જવાબ :** | સામા આવતાં હણ્યા હોય |
| (૮) | વવરોવિયા | - **જવાબ :** | રહિત કર્યા હોય તે |
| (૯) | પાયચ્છિત્ત કરણેણં | - **જવાબ :** | પ્રાયશ્ચિત કરવા માટે |
| (૧૦) | નીસસિએણં | - **જવાબ :** | નીચો શ્વાસ મૂકવાથી - નિઃશ્વાસ |

**(ગ) મૂળ પાઠ લખો :**

**જવાબ સાથે**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) ભાંગે નહીં | - **જવાબ :** | અભગ્ગો | ૪) વંદન કરું છું | - **જવાબ :** | વંદામિ |
| (૨) ન પારુ | - **જવાબ :** | ન પારેમિ | ૫) ઝાકળ ઠાર | - **જવાબ :** | ઓસા |
| (૩) કાયાને | - **જવાબ :** | કાયં | | | |

**(ઘ) એક વાક્યમાં જવાબ લખો :**

**જવાબ સાથે**

| | | | |
|---|---|---|---|
| (૧) | આચાર્યના ગુણ કેટલા ? | **જવાબ :** | ૩૬ |
| (૨) | તીર્થની સ્થાપના કોણ કરે ? | **જવાબ :** | તીર્થંકર |
| (૩) | જૈન આગમ કેટલા ? | **જવાબ :** | ૩૨ |
| (૪) | અરિહંત ભગવાનને ઊંઘ આવે ? | **જવાબ :** | ના |
| (૫) | સત્કાર એટલે શું ? | **જવાબ :** | ગુરુ ભગવંતનો વાણીથી સત્કાર કરવો, પધારો બોલવું, બે હાથ જોડવા વગેરે સત્કાર છે. |

**(ચ) જોડકા જોડો :**

| | | | |
|---|---|---|---|
| (૧) અરિહંત | - ૧૦૮ | **જવાબ :** | **(૧) અરિહંત - ૧૨** |
| (૨) માળાના મણકા | - ૧૨ | **જવાબ :** | **(૨) માળાના મણકા - ૧૦૮** |
| (૩) સિધ્ધ ભગવાન | - ૨૭ | **જવાબ :** | **(૩) સિધ્ધ ભગવાન - ૮** |
| (૪) સાધુ - સાધ્વી | - ૩ | **જવાબ :** | **(૪) સાધુ - સાધ્વી - ૨૭** |
| (૫) વંદના | - ૮ | **જવાબ :** | **(૫) વંદના - ૩** |

---

**પ્ર. : ૨. સામાન્ય સમજણ વિભાગ : નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(૧) ત્રીજા (૩) અને તેરમા (૧૩) તીર્થંકર

**જ. (૧) તીર્થંકર - ૩ - શ્રી સંભવનાથ સ્વામી**
**- ૧૩ - શ્રી વિમલનાથ સ્વામી**

(૨) પાંચમા (૫) અને આઠમા (૮) શ્રાવક

**જ. (૨) શ્રાવક - ૫ - ચુલ્લણીશતક શ્રાવક**
**- ૮ - મહાશતક શ્રાવક**

(૩) બીજું (૨) અને પાંચમું (૫) છ'કાયનું ગોત્ર

**જ. (૩) છ'કાયનું ગોત્ર- ૨ - અપકાય**
**૫ - વનસ્પતિકાય**

(૪) ચોથું (૪) અને છઠ્ઠું (૬) કર્મ

**જ. (૪) કર્મ - ૪ - મોહનીય કર્મ**
**- ૬ - નામ કર્મ**

(૫) ત્રીજા (૩) અને સાતમા (૭) ગણધર

**જ. (૫) ગણધર - ૩ - વાયુભૂતિ**
**- ૭ - અકંપિતજી**

(૬) બીજા (૨) અને આઠમા (૮) સતી

**જ. (૬) સતી - ૨ - સુંદરી**
**- ૮ - સુલસા**

(૭) પાંચમું (૫) અને સાતમું (૭) તત્વ

**જ. (૭) તત્વ - ૫ - આશ્રવ તત્વ**
**- ૭ - નિર્જરા તત્વ**

(૮) આપણા દેવ કોણ ?

**જ. (૮) દેવ - અરિહંતદેવ.**

---

**પ્ર.: ૩. (ક)) નીચેના પ્રશ્નના જવાબ આપો :**

(૧) ધર્મનું મૂળ શું છે ?

**જ. (૧) વિનય ધર્મનું મૂળ છે.**

(૨) કોનો બદલો આપી શકાય નહીં ?

**જ. (૨) માતાપિતાનો બદલો આપી શકાય નહીં.**

(૩) સહન કરવામાં કેટલા ગુણ છે ?

**જ. (૩) સહન કરવામાં સો ગુણ.**

(૪) પૈસા ખર્ચીને શું ન ખાવું ?

**જ. (૪) પૈસા ખર્ચીને હૉટેલમાં કે રેંકડીની ઉઘાડી વસ્તુઓ ન ખાવી.**

(૫) સૂર્યાસ્ત પછી શેનો ત્યાગ કરવો ?

**જ. (૫) સૂર્યાસ્ત પછી એટલે કે રાત્રે આહારનો ત્યાગ કરીશ.**

(૬) બીજાનું ધન જોવાથી શું નુકસાન થાય ?

**જ. (૬) બીજાનું ધન જોવાથી, ચોરીનું મન થાય, ધનનો લોભ થાય.**

(૭) જૈનશાળામાં જઈ પ્રથમ શું કરવું ?

**જ. (૭) જૈનશાળામાં જઇને સૌ પ્રથમ વંદના કરી સંવર કે સામાયિક લઈશ.**

(૮) સામાયિકના ૪ ઉપકરણ લખો.

**જ. (૮) સામાયિકના ૪ ઉપકરણ : આસન, માળા, મુહપત્તિ, ગુચ્છો.**

(૯) જગતનો દાસ કોણ ?

**જ. (૯) જગતનો દાસ જે આશાનો દાસ હોય તે.**

(૧૦) અત્યારે કોનું શાસન ચાલે છે ?

**જ. (૧૦) ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું**

**(ખ) સાચું છે કે ખોટું છે તે લખો :**

**જવાબ સાથે** (૧) હું આત્મા છું. ... **જવાબ : સાચું.**

(૨) તૃષ્ણાવાળો સંતોષી છે. ... **જવાબ : ખોટું**

(૩) મુહપત્તિ ઉપકરણ છે. ... **જવાબ : સાચું.**

(૪) બે હોય ત્યાં નમો અરિહંતાણં કહેવું.... **જવાબ : ખોટું**

(૫) વડીલો સામે જેમ તેમ નહીં બોલીશ. ... **જવાબ : સાચું.**

---

**પ્ર. : ૪. કથાના આધારે જવાબ લખો :**

(૧) ભગવાન મહાવીરનો જન્મ ક્યારે થયો ? જન્માભિષેક ક્યાં થયો ?

**જ. (૧) ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રિએ થયો. તેમનો જન્મ અભિષેક ૬૪ ઈન્દ્રો દ્વારા મેરુ પર્વત ઉપર ઉજવવામાં આવ્યો હતો.**

(૨) ભગવાન મહાવીરે નાગને શો ઉપદેશ આપ્યો ?

**જ. (૨) ભગવાન મહાવીરે નાગને ઉપદેશ આપ્યો, ''ઓ નાગ ! બુજઝા બુજઝા બોધને પામ. તું પણ અમૃતનો દરિયો છે. તું તારા પૂર્વભવનો વિચાર કર. તેં મનુષ્યના ભવમાં ક્રોધ કર્યો, તેથી તું આજે આ નાગનો જન્મ પામ્યો છે. માટે હવે તું સમજ અને ક્રોધ કરવાનું છોડી દે.''**

(૩) અમરકુમારમાં કેટલા લક્ષણ હતા ?

**જ. (૩) અમરકુમારમાં બત્રીસ લક્ષણ હતા.**

(૪) અતિમુક્ત કુમારના માતાપિતાનું નામ શું છે ?

**જ. (૪) અતિમુક્તકુમારનાં માતાનું નામ રાણી શ્રીદેવી, પિતાનું નામ રાજા વિજયસેન.**

(૫) અતિમુક્ત કુમારે કેટલા શાસ્ત્રોનું અધ્યયન કર્યું ?

**જ. (૫) અતિમુક્તકુમારે ૧૧ અંગસૂત્રોનું (શાસ્ત્રોનું) અધ્યયન કર્યું.**

---

**પ્ર. : ૫. કાવ્યની પૂર્તિ કરો :**

(૧) મહાવીરના ........................ ધર્મ દયાપ્રધાન છે.

**જ. (૧) મહાવીરનાં સંતાન છે, ભાઈ મહાવીરના સંતાન છે,**
**દેવ અમારા અરિહંતોને, ગુરુ અમારા નિગ્રંન્થો,**
**ધર્મ દયાપ્રધાન છે.**

(૨) વળી છે સિધ્ધ ........................ વિદારે

**જ. (૨) વળી છે સિધ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને**
**બિરાજે મુક્તિપદમા જે, નમું છું ભાવથી તેને,**
**ધરી ચારિત્ર આચાર્યો, ધરાવે ભવ્ય જીવોને, વિદારે**

(૩) નાના નાના ........................ જંબુ જેવા

**જ. (૩) નાનાં નાનાં ભુલકાં જાણે ગુલાબ ફૂલડાં,**
**ચાલો આપણે જઈએ, મહાવીરના શાસનમાં...**
**આપણે બનવું મહાવીર, આપણે બનવું ગૌતમ,**
**જંબૂ જેવા થઈએ.**

(૪) મોટા જ્યારે ........................ શાસનમાં

**જ. (૪) મોટા જ્યારે થઈએ, શાસનને ઝળકાવીએ,**
**જલદી મુક્તિ વરીએ, મહાવીરનાં શાસનમાં.**

(૫) પંચપરમેષ્ટીને વંદન કયા કાવ્યમાં છે ?

**જ. (૫) સકલ મંગલ કાવ્યમાં.**

**'જય જિનેન્દ્ર''**